જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧૧/૨૦૧૪ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૭૧૯/૧૪**

## રીક્ષામાં પેસેન્જર તરીકેનો સ્વાંગ રચી, એકલ દોકલ મુસાફર બેસાડી તેના સરસામાનમાંથી કિમતી જણસો (દાગીના-રોકડ) ની ચોરીનું વ્યવસ્થિત રીતે નેટવર્ક ચલાવતા એક સ્ત્રી તથા બે પુરુષોને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ.

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા અને બનેલ ગુન્હાઓ શોધી કાઢવા સારું પો.ઇન્સ.એસ.એલ.ચૌધરીનાઓને આપેલ સુચનાઓ આધારે ગઇ તા.૩.૧૧.૨૦૧૪ ના રોજ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ ચોકકસ બાતમી આધારે ઠકકરનગર ચાર રસ્તા હોટેલ નવજીવન સામે જાહેર રોડ ઉપરથી (૧) મધુ ઉર્ફે રાની ઉર્ફે રઝીયા વા/ઓ પ્રકાશચંદ્ર કૌશલ ઉવ.૪૨, રહે.બ્લોક નં.૧૪, મકાન નં.૬૨૬, વાલ્મીકી આવાસ યોજના, નોબલનગર, નરોડા અમદાવાદ (૨) બાબુ મહેબુબ સૈયદ ઉવ.૩૪ રહે.સંતોષીનગરના છાપરા, રેલ્વે સ્ટેશનની બાજુમાં, ઇન્દર કિરાણા સ્ટોર પાસે, કુબેરનગર, સરદારનગર અમદાવાદ શહેર (૩) મેરુભાઇ શંકરભાઇ વણઝારા ઉવ.૨૮ રહે.રહે.વણઝારાનું ડેલુ, ગુપ્તા ડેરી પાસે, પ્રેમનગર, મેમ્કો, અમદાવાદ શહેર નાઓને કલાક ૧૯.૩૦ વાગે પકડી અટક લીધેલ અને તેઓ પાસેથી સોનાની બંગડીઓ નંગ ૪, સોનાની આંટા વિંટી નંગ ૧, તથા રોકડ રુ.૬૫૦.૦૦ તથા ઓટો રીક્ષા કબ્જે કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

ઉપરોક્ત આરોપીઓ પાસેથી મળેલ સોનાના દાગીનાઓ બાબતે તેઓની યુકિત પ્રયુકિત પુર્વકની પુછપરછ હાથ ધરતા, મળી આવેલ સોનાના દાગીનાઓ તેઓએ અલગ અલગ જગ્યાઓએથી રીક્ષામાં એકલ દોકલ પેસેન્જરો બેસાડી તેઓનું ધ્યાન બીજે દોરી અગરતો છળકપટથી પેસેન્જરના સરસામાનમાંથી ચોરી કરી લઇ મેળવેલ હોવાનું જણાવતા આ બાબતે ખાત્રી તપાસ કરી કરાવતા રામોલ પો.સ્ટે. તેમજ શાહીબાગ પો.સ્ટે.ખાતે ગુનાઓ દાખલ થયેલ હોવાનું જણાઇ આવેલ છે.પકડાયેલ આરોપીઓ પૈકી મધુ ઉર્ફે રાની ઉર્ફે રઝીયા વા/ઓ પ્રકાશચંદ્ર કૌશલ નાની આવા ગુન્હાઓ કરવામાં મુખ્ય સુત્રધાર છે અને તે વ્યવસ્થિત રીતે ગેંગ ચલાવી ગુનાઓ આચરે છે.જે અગાઉ ઓઢવ, તથા નરોડા પો.સ્ટે.માં આ પ્રકારના ગુન્હાઓમા પકડાઇ ચુકેલ છે.

તેમજ તાજેતરમાં શાહીબાગ વિસ્તારમાંથી ઇકો વાહન ભાડે કરી ચોટીલા લઇ જઇ ત્યાં ડ્રાઇવરને પ્રસાદીમાં નશીલો કેફી પદાર્થ ભેળવી ખવડાવી દઇ ડ્રાઇવરને બેભાન કરી રસ્તામાં ઉતારી દઇ ઇકો ગાડીની લુંટ કરી ઇકો ગાડી સાથે અન્ય ગુના કરવાના બદ ઇરાદે રાજસ્થાન તરફ નાસી જઇ ગુનો કરેલ.જે બાબતે શાહીબાગ પો.સ્ટે.માં ગુનો દાખલ થયેલ હોય જે ગુનામાં પણ સદરી મધુ ઉર્ફે રાની ઉર્ફે રઝીયા નાની સંડોવણી હોવાનું ખુલવા પામેલ છે.

આ ગુન્હામાં પકડાયેલ સહઆરોપી બાબુ મહેબુબ સૈયદ નાનો ગુનાહિત પુર્વ ઇતિહાસ જોતા તે અગાઉ ૨૦ જેટલી ઘરફોડ ચોરીના ગુન્હાઓમાં, તેમજ ચેઇન સ્નેચીંગના ચારેક ગુન્હાઓમાં તે ઉપરાંત દારુબંધીના આઠથી દસેક ગુન્હાઓમાં પકડાયેલ ખુબજ રીઢો આરોપી છે.અને તે

છેલ્લા વીસેક દિવસથી મધુના સંપર્કમાં આવેલ અને રિક્ષામાં પેસેન્જર તરીકે બેસી પેસેન્જરોનો કિંમતી સામાન સેરવી લેવાના કામો કરવા લાગેલ. અને આ કામ કરવા સારું તેણે પોતાના મિત્ર મેરુભાઇ શંકરભાઇ વણઝારાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ એવાય ૬૩૦૮ નો ઉપયોગ કરેલ હોવાનું તેમજ આ ગુનાઓમાં મળી આવતા કિંમતી દાગીના તથા રોકડ તેઓ સરખે ભાગે વહેંચી લેતા હોવાનું તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે. જેણે મધુ સાથે ત્રણ કામો કરેલ છે. જે બાબતે શાહીબાગ પો. સ્ટે. માં એક અને રામેલ પો. સ્ટે. માં ૧ ગુનો દાખલ થવા પામેલ છે.

આરોપીઓની વધુ ઉંડાણપુર્વક પુછપરછ કરવાથી આવી એમ. ઓ. થી બનેલ અસંખ્ય ગુનાઓનો ભેદ ઉકેલી શકાય તેમ છે.

**<u>એપીએમસી માર્કેટમાં આવેલ શાકભાજીના હોલસેલ વેપારી હિરાલાલ પ્રજાપતિનું જમાલપુર પાસેથી અપહરણ કરી અજ્ઞાત સ્થળે લઇ જઇ ગે. કા. ગોંધી રાખી માર મારી ગંભીર ઇજાઓ કરી પચાસ લાખની ખંડણી માગવાના ગુન્હાના મુખ્ય આરોપીને ઝબ્બે કરતી ક્રાઇમ બ્રાન્ચ.</u>**

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ પો. ઇન્સ. એસ. એલ. ચૌધરી તથા પો. સ. ઇ. સી. બી. ચૌધરી આપેલ સુચના આધારે નાઓને ગઇ તા. ૧૧. ૯. ૨૦૧૪ ના રોજ જમાલપુર એએમટીએસ વર્કશોપ સામે કચરાપેટી પાસે ગલીમાં જાહેર રોડ ઉપરથી એપીએમસી માર્કેટમાં આવેલ શાકભાજીના હોલસેલ વેપારી હીરાલાલ ગેલાજી પ્રજાપતિ ને પોતાની ઓળખ એસ. ઓ. જી. પોલીસની આપી નિવેદન સારું એસ. ઓ. જી. ઓફીસે જવાનું કહી મારુતી સ્વીફટ કારમાં અપહરણ કરી ચપ્પુ તથા છરી જેવા હથિયાર બતાવી ધાક ધમકી આપી જુહાપુરા ફતેહવાડી વિસ્તારમાં અજ્ઞાત જગ્યાએ લઇ જઇ બંગલામાં ગે. કા. ગોંધી રાખી ખુરશી સાથે કપડા વડે બાંધી દઇ રુ. ૫૦,૦૦,૦૦૦. ૦૦ ની માગણી કરતા વેપારીએ રુપીયા આપવાની ના પાડતા વેપારીને લાકડીઓ વડે તેમજ ગડદાપાટુનો માર મારી ગંભીર ઇજા પહોંચાડી રુ. ૨૦,૦૦,૦૦૦. ૦૦ ની ખંડણી માગતા જે નાણાં પણ વેપારીએ સગવડ ન હોય આપવાની ના પાડતા અને વેપારીના સગાઓ પોલીસમાં ફરીયાદ કરવા જશે તેવી બીક લાગતા આરોપીઓએ અપહરણ કરેલ વેપારીને છોડી દીધેલ. જે વેપારીએ બનાવ બાદ સારવાર લઇ ક્રાઇમ બ્રાન્ચમાં ફરીયાદ આપતા ગુનો દાખલ થયેલ. જે ગુન્હાની તપાસ દરમ્યાન પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવેલા.

આ ગુન્હામાં મુખ્ય સુત્રધાર અને માસ્ટર માઇન્ડ એવો રાજેશ ઉર્ફે રાજુ રાવતાજી પ્રજાપતિ કે જે ખમાસા રાજનગર તેમજ જમાલપુર શાકમાર્કેટમાં શાકભાજીનો વેપાર ધંધો કરતો હોય તેની સંડોવણી હોવાનું તપાસ દરમ્યાન ખુલવા પામેલ. જે પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. તેને ગઇ તા. ૨. ૧૧. ૨૦૧૪ ના કલાક ૧૮. ૦૦ વાગે આ ગુન્હામાં પકડી અટક કરવામાં આવેલ છે.

આ ગુન્હાના ફરીયાદી હિરાલાલ પ્રજાપતિ હાલ પકડાયેલ આરોપી રાજુ રાવતાજીના કૌટુંબીક બનેવી થાય છે. અને સાળાએ બનેવીનું અપહરણ કરાવી પૈસાની ખંડણી માગી પૈસા પડાવવાનું કાવત્રુ ઘડેલ હોવાનું તેમજ ફરીયાદીની રેકી કરી અપહરણ કરાવવાનું તથા અપહરણ કર્તાઓના સતત સંપર્કમાં રહી રજેરજની માહિતી આપેલ હોવાનું ખુલવા પામેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.